## –: મિલ્લતે ઈસ્લામમાં ઈખ્તેલાફાતની બુનિયાદ :–

કાઅબતુલ્લાહનું બીજું નામ બયતુલ્લાહ પણ છે. કાઅબા યાઅની એવું ઘર કે જેના ચાર કોણા હોય. દાઅવતની કિતાબોના બયાનાત મુજબ આ ચાર કોણાઓ નુબૂવત, રિસાલત, વસાયત અને ઈમામતના ચાર અઝીમ મરતબાઓ પર મન્સૂબ-માઅરૂફ છે. ઘર હોય તો ઘરમાં રેહનાર હોય જ છે; જે ઘરમાં રેહનાર ન હોય એ ઘર, ઘર કહેવાય જ નહીં. ઘર વાલાઓ બગૈર ઘર સુમસાન અને વીરાન થઈ જાય. અલ્લાહના ઘરને જો અગર અપને બયતુલ્લાહ કહીએ તો ઘરવાલાઓને "અહલે બૈત" કહેવાય. અહલેબૈત જ જાણે કે ઘરમાં શું છે અને ઘરમાં જે ગુફતગૂ થઈ રહી હોય તે ઘરવાલાઓ સિવાય તેની હકીકત કોઈ બીજા જાણી શકે નહીં. જહાઁ તક તે ઘરવાલાઓ પોતાના બીજા મીલનસારોને યા સોહબત રાખનારાઓને ઘરમાં બનેલી મખ્ફી વાત દોહરાવે નહીં. આ ઘરવાલાઓના રઈસ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) છે અને આપના કૌલની સચ્ચાઈ, સફાઈ, સાબિતી અને સનદ અલ્લાહતઆલાના કલામની અઝમત અને ફઝીલત બાદ તમામ બીજા અકવાલથી અહમ અને બેમિસાલ ગરદાનવામાં આવે છે. **રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) જે કઇ પણ ફરમાવતા તે મૌલાના અલી (અ.સ.), મૌલાતોના ફાતેમા (અ.સ.) અને મૌલાના હસનૈન (અ.સ.) સાંભલી લેતા હતા.** આપ મદીનાની મસ્જિદમાં યા બાહર યા સફરમાં યા જંગો જિહાદના મૌકા પર જે તન્ઝીલે ઈલાહી અને સુન્નતે નબવીના કલેમાતથી ઉમ્મતના લોગોને બોહરાવર કરતા તે તમામ હાઝેરીન સાંભલી લેતા હતા. તેમાંથી ચંદ લોગો આપના કલામને કુવતે હાફેઝાથી ઝહેનનશીન-યાદ કરી લેતા હતા અને બાઝ એ કલામને કાગઝ પર, ચામડા પર, દરખ્તના થડની છાલ પર, પત્થર પર યા માટીનાં વાસણ પર તેહરીર કરી લેતા હતા. આપના કલામ સાંભલનારાઓ માંથી ચાર તરહના લોગો હતા અને એમાંથી એક જ એવો તબકો હતો જે આપના કલામને બરાબર સાંભલીને લફઝન-લફઝન, હરફન-હરફન યાદ રાખતા હતા અને ઉમ્મતમાંથી જે લોગોને આપ (સ.અ.વ.વ.) ની સોહબત અને આપને સાથે મજલિસમાં શિરકતનો શરફ હાસિલ ન્હોતો થાતો અને દૂરો દરાઝ ઈલાકાઓ અને ગામડાઓમાં રહેતા હતા, તેઓ તક આપની હદીસે શરીફને પહોંચાડતા હતા.

સૈ.કાઝી નોઅમાન સાહબ (ક.રૂ.) આપની અકસર તસ્નીફાત (કિતાબો) ના મુકદ્દેમામાં ફરમાવે છે કે, ઉમ્મતે મોહંમદીમાં ફિરકાપરસ્તી આપ (સ.અ.વ.વ.) ની હયાતે પાકમાં કદી પણ નઝર આવી નથી. આપની રેહલત બાદ લોગોએ આપના અહલેબૈત (અ.સ.) ના દામનને છોડું અને પોતાના પસંદીદહ આલિમોને રઈસ-સરદાર બનાવી દીધા તે સબબ રાય, ખયાલ અને ફિક્રમાં ઈખ્તેલાફ થયો. ફક્ત નામના ગરઝપરસ્ત અને બનાવટી આલિમોને અલ્લાહતઆલા તરફથી કુરઆને કરીમમાં બયાન થયેલું હલાલને હરામ અને હરામને હલાલ કરી દીધું, અહકામ અને ફરઝોમાં તબ્દીલી વાકેઅ કીધી, પોતાની મનમાની અને હવાનફસી તેમજ બદ ઈરાદાના સબબ જે કોઈ આલિમ નામૂસે ઈલાહી અને શરીઅતે મોહંમદીને આસાન તરીકાથી પૈશ કરતો તેની લોગો તાબેઅદારી, તકલીદ અને પૈરવી કરવા લાગી ગયા. **લેહાઝા રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના ઝમાનમાં, સુન્નતુલ્લાહમાં અને શરીઅતમાં જે અસ્લીયત, ઇન્ફેરાદીયત, સચ્ચાઇ અને સદાકત મૌજૂદ હતી તે નાબૂદ થઇ ગઇ અને નવી-નવી બિદઅતો દીને ઇસ્લામમાં રાઇજ થઇ ગઇ.**

મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ફરમાવે છે કે, રસૂલુલ્લાહ બાવાજીના ઈન્તેકાલ પુરમલાલ બાદ જો મારે વાસ્તે મસ્નદ બીછાવવામાં આવતી અને લોગો દરમિયાન ફૈસલો કરવા હું બેસતો તો કુરઆનના લોગોમાં કુરઆનથી, તૌરાતના લોગોમાં તૌરાતથી, ઈન્જીલના લોગોમાં ઈન્જીલથી હું દીનના અહકામને જારી કરતો, તો બે ઈન્સાનને દરમિયાન ઝર્રા બરાબર પણ ઈખ્તેલાફ વાકેઅ ન થાતો. રસૂલુલ્લાહ બાવાજીએ ફરમાવું કે, "**અકઝાકુમ અલીયુન**", યાઅની તમારે દરમિયાન તમામથી હુશિયાર ફકીહ અને કાઝી "અલી" છે. આપ (સ.અ.વ.વ.) એ મૌલાના અલી (અ.સ.) ને યમનના કાઝી બનાવીને મોકલા તો અલી (અ.સ.) એ આપથી અરઝ કીધી કે, "અય રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ! આપ મને એવી કૌમ તરફ મોકલો છો કે જે કૌમ દાંતવાલી છે યાઅની કે હુશિયાર અને તજરૂબેકાર છે અને હું તો ઘણો કમ ઉમ્ર છું, અદલો ઈન્સાફ કરવાનું ઈલ્મ મારે નઝદીક ભલા છે ?" તે વક્ત આપ (સ.અ.વ.વ.) એ મૌલાના અલી (અ.સ.)ના સીના પર હાથ લગાવો અને ફરમાવું કે, "અય પરવરદિગાર ! એને તું દીનની બાબતોમાં ફકીહ કર અને રૌશન હક્ક તરફ એને હિદાયત દે." મૌલાના અલી (અ.સ.) ફરમાવે છે કે, "**તે દિન બાદ ઇન્સાફ કાઇમ કરવામાં કોઇ બે ઇન્સાન દરમિયાન મને કોઇ જ મુશ્કિલ પૈશ ન આવી.**"

તે કોઈએ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) નો ઝમાનો જોયો અને આપથી ઈલ્મ હાસિલ કીધું અને આપની દાઅવતને કુબૂલ કીધી તો એના પર લાઝિમ હતું કે આપના હર કૌલને તસ્લીમ કરે અને હર હુકમને માને અને આપના ઈન્તેકાલ બાદ રસૂલુલ્લાહ બાવાજીએ આપના મકામ પર જેને આપના કાઈમ-મકામ અને મૌલા મુકર્રર કીધા તેને જો પોતાના સવાલો પૂછતા તો મુકમ્મલ અને કાફી-શાફી જવાબો હાસિલ કરતા. પણ લોગોએ તો અહલે બૈત (અ.સ.) ને જ તર્ક કીધા અને શરઈ-મઝહબી સવાલાતના ખુલાસાઓ એવા શખ્સને પૂછા કે જેઓની રાયમાં અને જવાબમાં ઈખ્તેલાફ હતો. તેથી જ અમીરૂલ મુમેનીન એ કૂફાની મસ્જિદમાં નમાઝીઓના મોટા મજમાઅમાં છાતી પર હાથ મુકીને ફરમાવું કે, "**સલૂની કબ્લા અને તફકેદૂની**", તમે મને પૂછી લો એ વાત પહેલા કે તમે મને આ દુનિયામાંથી અછત પરામો.

આપ (અ.સ.) મઝીદમાં ફરમાવે છે કે, મારી આંખએ એક પલની મિચકાર મારી નથી અને મારી ઝિંદગીના અય્યામમાં મારા માથાએ આરામ કીધો નથી પણ કોઈ પણ એક દિન મેં રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) સાથે રહ્યો ન હોવ યહાં તક કે મેં જાણું કે, અલ્લાહતઆલાએ જિબ્રઈલ રૂહેઅમીનને ઝરીએ શું હલાલો હરામને નાઝિલ કીધા, કઈ સુન્નત જારી થઈ યા કઈ આયતે કુરઆની નાઝિલ થઈ. આપ લોગોને ફરમાવે છે કે, તમેં મારા કરતા ઝિયાદહ આલિમ આ આસ્માનો ઝમીનને દરમિયાન નહી પરામો અને કુરઆનમાં કોઈ આયત એવી નથી પણ જેના વાસ્તે મેં જાણું કે ક્યા વક્તમાં અને કઈ હાલતમાં કોને વાસ્તે નાઝિલ થઈ.

મૌલાના ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) થી સવાલ કરવામાં આવો કે, **રસૂલે મકબૂલ (સ.અ.વ.વ.) બાદ ઉમ્મતમાં ઇખ્તેલાફનો સબબ શું છે ? રસૂલે મકબૂલ (સ.અ.વ.વ.) બાદ ઉમ્મતમાં ઈખ્તેલાફનો સબબ શું છે ?** જવાબમાં આપએ સાઈલને ફરમાવું કે, શું આ લોગો રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની હાઝરીમાં ઈખ્તેલાફ રાખતા હતા ? અને કઈ તરહ ઈખ્તેલાફમાં પડે હાલાકે રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) તેઓને દરમિયાન હાઝિર હોય અને પોતાના ફિક્રો ખયાલની મતફેરીને આપને નઝદીક રૂજુઅ કરી દેતા ? સાઈલે કહ્યું કે, આપ સાચું ફરમાવો છો. આ મુજબ આપ (સ.અ.વ.વ.) ને બાદ આપના અમરના સાહબ જે ઈલ્મને રાખતા હતા તેને પૂછતા તો ઈખ્તેલાફ મીટી જાતો લેકિન એવા સરબરાહો આપના મકામ પર બેસી ગયા કે જેઓ તાવીલો હકીકતના ઈલ્મથી મુશર્રફ ન હતા. અને જે વક્ત લોગો પૂછતા કે જેનું તેમને ઈલ્મ ન હતું, તો સહીહ જવાબ અને ખુલાસો ન મીલવાના સબબ અંદર-અંદર ઈખ્તેલાફ વાકેઅ થાતો. **પણ અગર તેઓ નસ-બ-નસ આવનાર વલીયુલ અમર ને કુબૂલ કરી લેતા અને તેઓથી જ શરઇ ઇલ્મ હાસિલ કરતા તો અહલે બૈત (અ.સ.) નું સહીહ અને સનદયાફતા ઇલ્મ તેઓ પરામી લેતા.** **પણ અગર તેઓ નસ–બ–નસ આવનાર વલીયુલ અમર ને કુબૂલ કરી લેતા અને તેઓથી જ શરઈ ઈલ્મ હાસિલ કરતા તો અહલે બૈત (અ.સ.) નું સહીહ અને સનદયાફતા ઈલ્મ તેઓ પરામી લેતા.**

એક અરસા બાદ બનુ ઉમય્યા અને બનુ અબ્બાસએ વાંદરાઓને જેમ મિમ્બરે શરીફે નબવી ખુંદલો કે જેઓ શરીઅતના હલાલો હરામને ન જાણતા હતા ન અમલ કરતા હતા. એ લોગોનો હિમ્મત કે હોંસલો પણ ન હોતો કે શરીઅતને કાઈમ કરી શકે કેમકે તેઓનો મકસદે દિલી તો દુનિયાની દૌલત અને શોહરતની તલબ હતી.જે વક્ત આ લોગો દુન્યાવી સલતનત પર કાબિઝ થયા, મકર અને ફરૈબથી લોગો પર હુકમરાની કરવામાં કામિયાબ થયા તો અહલે બૈત (અ.સ.) ના સાહબોની બેઈઝઝત અને બેહુરમતી કરવા પર આમાદહ થયા, ઘરના લોગોની ઘરની વાત જ ભુલી ગયા અને દૌલતના ખુમાર પર અવામમાંથી ખરીદેલા અને ભણાવેલા આલિમો અને ફકીહોને પોતાના દરબારોની ઝીનત બનાવી તેઓના ફિત્નાપરવર ઈરાદાઓને અમલી લિબાસ પહેરાવો. હવાનફસી-મનમાનીની હવા ફૂંકી અને શરીઅતે પાકીઝાને ખિલાફ આઅમાલે ખબીસાનો ઢાંચો બનાવીને ઉમ્મતમાં ફિરકા-પરસ્તી અને ગિરોહબંધી ને તશ્કીલ આપી.

અલ્લાહતઆલા કુરઆને શરીફમાં આ અમલે બદની મઝમ્મતમાં ફરમાવે છે કે, તે શખ્સથી ઝિયાદહ ગુમ્રાહ કૌન હોય શકે કે જે અલ્લાહની હિદાયતને બગૈર પોતાની મનઘડીત વાતોને તાબેઅ થાય. બીજી આયતમાં ફરમાને ઈલાહી છે કે, અગર એ લોગો એની બદગુમાનીને જ તાબેઅ થાય તો બેશક બદગુમાની સચ્ચાઈમાંથી કોઈ ચીઝની બરાબરી નહીં લાવી શકે." દાઉદ નબીને મુખાતિબ થઈને ઈરશાદે ઈલાહી થાય છે કે, "અય દાઉદ, હમેં તમને ઝમીનમાં ખલીફા બનાવા તો આપ લોગોમાં હક્કથી ઈન્સાફને કાઈમ કરો અને હવાનફસી-મનમાનીને તાબેઅ ન થાય કેમકે એ કરવું અલ્લાહની રાહથી ભટકાવી દેશે." બીજે મૌઝેઅ પર અલ્લાહ ફરમાવે છે કે, "**અય દાઉદ, તમેં એ લોગોમાં કોઇ ફૈસલો કરો તો અલ્લાહથી નાઝિલ થયેલા હુકમ મુજબ કરજો અને એ લોગોની હવાનફસીને તાબેઅ ન થાજો.**" હાસિલે કલામ દીન અને દુનિયાના કોઈ હલાલ-હરામ બાકી નથી જે કુરઆને હકીમમાં ન હોય; જેની સાબિતીમાં અલ્લાહએ ફરમાવું છે કે, "હમેં કિતાબમાં કોઈ ચીઝ છોડી નથી." હકીકતમાં જે લોગોએ અહલે બૈત (અ.સ.) ને મુકી દીધા તેઓ કુરઆને કરીમ અને સુન્નતે નબવીને તેની અસલી માઅનામાં સમઝી ન શકા અને તેથી કહેવાતા આલિમોના દર પર ભટકવા લાગા જેઓએ પોતાની રાય-કિયાસ અને ખામીવાલી ફિક્રથી ફૈસલા સંભલાવા અને બિદઅતોને ઉભારી. જો અગર તેઓ અહલે બૈતના ઉલિલ અમ્ર અને અઈમ્મતે હુદા પાસે આવતા જેઓ હકીકી કુરઆનના કરીન છે અને તાઅલીમે સુન્નતે નબવીના સરચશ્મા છે, અને દીની મસ્અલા પૈશ કરતા તો તેમાં ઈસ્તિમબાત કરીને લોગોને જવાબો આપતા. સબબ કે તેઓ જ "**રાસેખૂના ફિલ ઇલ્મ**" અને "**અહલુઝ્ઝિક્ર**" છે. અલ્લાહતઆલાનો બેઈન્તેહા શુક્ર છે કે, અહલે બૈત (અ.સ.) જે ઝિક્રના લોગો છે, તેઓને તાબેઅ થાવાની હમને તૌફીક આપી અને કુરઆને કરીમ અને સુન્નતે નબવીના સાચા માઅના સમઝવા વાસ્તે તેઓના મુઅતકેદીન કીધા. ★